# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબર: ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીएम-उषा PM-UShA

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


પરીક્ષા વિભાગ

## અગત્યનો પરિપત્ર

વિષય: જુલાઇ-૨૦૨૫માં યોજાનાર ઓન ડિમાન્ડ પરીક્ષા બાબત.

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત કરેલ અભ્યાસક્રમો માટે જુલાઇ મહિનામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૨, ૪ અને ૬ ની ઓન ડિમાન્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી જુલાઇ-૨૦૨૫માં **સેમેસ્ટર-૫ ની ઓન ડિમાન્ડ પરીક્ષાનું પણ ખાસ કિસ્સામાં આયોજન કરવામાં આવેલ છે.** આથી સેમેસ્ટર-૫ માં જે વિદ્યાર્થીઓને થીયરી વિષયોમાં NC આવેલ છે તેવા તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ ભરવા માટે આપના દ્વારા ખાસ જાણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જે અભ્યાસક્રમો માટે ઓન ડિમાન્ડ પરીક્ષાનું યુનિવર્સિટી દ્વારા આયોજન કરવામાં આવે છે તેમાંથી એલ.એલ.બી. સિવાયનાં બધા જ અભ્યાસક્રમોમાં હાલમાં NEP-2020 પ્રમાણેનાં અભ્યાસક્રમો અમલમાં આવી ગયેલ છે.

આવા તમામ અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાએ Non NEP અભ્યાસક્રમોમાં NC વાળા વિદ્યાર્થીઓ રહેલ હોઇ, વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી યુનિવર્સિટી દ્વારા **ખાસ સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૬ ની ઓન ડિમાન્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે.** આથી આપની કોલેજનાં જે કોઇ વિદ્યાર્થીઓ Non NEP અભ્યાસક્રમોમાં સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૬ માં થીયરી વિષયોમાં NC હોય તેમા તમામ વિદ્યાર્થીઓને સમયસર સદર ઓન ડિમાન્ડ પરીક્ષા માટેની જાણ કરવી.

Non NEP અભ્યાસક્રમોમાં અભ્યાસ કરેલ હોય અને વિદ્યાર્થીને સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૬ સુધીમાં NC હોય તેવા વિદ્યાર્થીઓનું લીસ્ટ આપને આપની જાણ માટે ઇ-મેલ દ્વારા મોકલી આપેલ છે. જેની ખાસ નોંધ લેવી.

નંબર/ઈ-૩/ ૯૬૭
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૨૪/૦૬/૨૦૨૫

કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.